સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'સુપ્રીમ' ચટકે, પટકે ને લે ઝટકે છે!
ભટકે બંધારણથી તો કોર્ટ ત્રાટકે છે!
વટકે કોર્ટ પર આપે ન્યાયને સલાહ -
અટકે મનસૂબા, જેટલીને ખટકે છે...
(કોર્ટે આમાં ન પડવું જોઈએ - જેટલી)

હાઈકુ

વ્હેતી ક્ષિપ્રામાં,
'છેલ્લું' કરી લ્યો, સ્નાન -
કેટલા દા'ડા?!
(મા. મુખ્યમંત્રીશ્રી 'કુભ'માં)

જંગલ રાજ!
સુરત, સીંગાપુર -
બનાવી દીધું!!
(વાયદા નું પાલન)

ચિંતન

ક્રિયા સિદ્ધિ, સત્વે ભવતિ મહતાં નો પકરણે !

મોટા અને ટેકીલા માણસોની કામગીરીની સફળતાનો આધાર, તેના મૂળ આદર્શો પર નિર્ભર હોય છે. એ લોકો સાધનોના ભરોસે રહેતા નથી.

આપણા સમાજમાં એવા અનેક ટેકીલા માણસો મળી આવે છે કે તેઓ ગમે તેવા વિપરીત સંજોગોમાં મુકાય, છતાં હિંમત હારતા નથી. પોતે લીધેલી ટેક છોડતા નથી. અને તેને ફળદાયી કરીને જ જંપતા હોય છે. કુશળ માણસોની એ ખાસિયત હોય છે. એવા ઉન્નત મનવાળા માણસો પ્રસંગ આવે મોજમાં રહેતો પ્રસંગ આવ્યે વિરક્ત રહે. મીરાંબાઈની જેમ તેઓ રામ રાખે તેમ રહે. પોતાના આદર્શો ને સિદ્ધ કરવામાં તેઓ અથાક મહેનત કરે અને કોઈ જાતનાં બહાનાં કદી ન બતાવે.

સુવિચાર

- કઠોર પરિશ્રમ અને અતૂટ શ્રદ્ધા ઈશ્વર સાથે સેતુ સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે - **શાહબુદ્દિન રાઠોડ**
- મારે ઈશ્વર પાસે કશું જોઈતું નથી, પણ એને એક સજ્જન માણસ ભેટમાં આપવો છે - **સંત રોબિન**
- શાળામાં અપાતું શિક્ષણ નિષ્ફળ એટલા માટે જાય છે, કારણ કે કુટુંબમાં કુસંસ્કારના સિંચન પણ થયા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનનું ભોજન વિચાર છે અને તે સદાય ભૂખ્યું લઈ જાય છે - **અરવિંદ**
- જ્ઞાન એકતા તરફ અને અજ્ઞાન ભિન્નતા તરફ લઈ જાય છે - **ડો. વીજળીવાળા**
- ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ - **અખંડ આનંદ**
- જેને 'પરસેવો' પાડવાની આદત છે તેને 'પર-સેવા' લેવાનો વખત આવતો નથી - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : ત્રિફળા ચૂર્ણમાં લોહભસ્મ મેળવીને ૨ ગ્રામ રોજ ખાવાથી આંખનું તેજ વધે છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જે સારા અને ગુણવાન લોકો છે તે સારા અને નરસામાંથી સારું-સારી બાબત-સદ્‌ગુણને શોધી લે છે તેને ખરાબ બાબત સાથે કોઈ સંબંધ નથી. હંસ દૂધ અને પાણીને અલગ કરી જાણે છે.

એન્ડ્રુ કાર્નેગી જગત પ્રથમ અબજોપતિ હતા. વિશ્વના સ્ટીલ સામ્રાજયના મહાન સમ્રાટ હતા. નાની-મોટી નોકરીઓનો પરિશ્રમ કરી તેઓ આ સ્થાને પહોંચ્યા હતા. એમના સ્ટીલના ઉદ્યોગમાં જે સ્ટાફ હતો. તેમાં પણ ૪૩ (તેતાલીસ) લખપતિઓ હતા. (એ જમાનામાં લખપતિ હોવું એવ વિશેષ વાત હતી.)

એક પત્રકારે કાર્નેગીને પૂછ્યું આપના ઉદ્યોગમાં આવી-આવી મોટી હસ્તીઓ ને તમે કેમ શોધી શક્યા અને એટલું જ નહીં તેમને તમારા વડપણ નીચે ટકાવી કેમ શક્યા?

કાર્નેગી કહે - 'દરેક માણસમાં કોઈને કોઈ એકાદ સદ્‌ગુણ તો હોય જ છે. સોનું શોધવા જેમ ખૂબ ગંદકીમાં ખોદકામ કરી પરિશ્રમ કરવો પડે છે. તેવો પરિશ્રમ સદ્‌ગુણીને શોધવા માટે કરવો પડે. એ સદ્‌ગુણનું સામ્રાજય એને ટકાવી રાખવા માટે કારણભૂત બને છે.'

એક્ઝિટ પોલમાં મમતા અડિખમ

તંત્રીસ્થાનેથી...

સાચુંખોટું તો ૧૯મી તારીખે ઈવીએમ બોલશે, પરંતુ સેફોલોજીના તજજ્ઞો જે રીતે 'એક્ઝીટ પોલ'નાં તારણો કાઢતા રહ્યા છે એ જોતાં પશ્ચિમ બંગાળમાં દીદીનો દબદબો અકબંધ રહેવાની સંભાવના દર્શાવાઈ છે. પ્રજા પોતાના નેતામાં શ્રદ્ધાનું આરોપણ કરે છે ત્યારે ગમે તેવા ઝંઝાવાતી પ્રચાર છતાં વિરોધીઓ એનો વાળ વાંકો કરી શકતા નથી. અલગ અલગ ચાર એક્ઝિટ પોલમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસને વિધાનસભાની કુલ ૨૯૪ બેઠકોમાંથી તમામ એજન્સીઓ સ્પષ્ટ બહુમતી કરતાં વધારે બેઠકો મળશે એવી આગાહી કરે છે. એની સામે આસામમાં વિજયની હેટ્રિક લગાવી ચુકેલા વયોવૃદ્ધ કોંગ્રેસી નેતા તરુણ ગોગોઈ ભારતીય જનતા પાર્ટીના ધુંવાધાર પ્રચાર સામે એમનું પરંપરાગત રજવાડું સાચવી શકશે નહીં, એવું તારણ નીકળ્યું છે. આ બેઉ પાડોશી વિસ્તારો છે. બેઉ વિરુદ્ધ બાંગ્લાદેશી નાગરિકોની ઘુસણખોરીનો મુદ્દો હતો. મમતા સામે તો બહુચર્ચિત શારદા કૌભાંડમાં આડકતરી સામેલગીરીના આક્ષેપો પણ હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરુણ ગોગોઈ વિરુદ્ધ કોરી સ્લેટ જેવા સોનાવાલનો ચહેરો રજૂ કર્યો હતો અને અગાઉ સત્તા પર રહી ચૂકેલ આસામ ગણ પરિષદ સાથે ગઠબંધન રચી હિંદુત્વના નામે મતોના ધ્રુવીકરણનો પ્રયાસ પણ કર્યો હતો. મમતા સામે મુખ્ય લડત તો ઘણા લાંબા સમય સુધી પશ્ચિમ બંગાળમાં સત્તાનાં સૂત્રો સંભાળનાર ડાબેરીઓ લડી રહ્યા હતા. સોનિયા ગાંધી સાથે સારા સંબંધો ધરાવતા હોવાનાં વડાપ્રધાનના ચાબખાઓ પણ પ્રજાને ગેરમાર્ગે દોરવામાં નિષ્ફળ ગયા કારણ કે કોંગ્રેસે તો ડાબેરીઓ સાથે ગઠબંધન રચીને મમતાને ઘેર બેસાડવાના કારસા કર્યા હતા. બેની લડાઈમાં ત્રીજો ફાવે એ ન્યાયે ભારતીય જનતા પાર્ટીની 'સ્ટાર બેલડી' - વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે ઝંઝાવાતી પ્રચાર ચલાવ્યો હોવા છતાં એક્ઝિટ પોલમાં એને કારમી નિરાશા સાંપડતી લાગે છે. આનું કારણ એટલું જ કે દીદીની પ્રજા ઉપર પકડ ઢીલી નથી પડી. પ્રજા સમજે છે કે રાજકારણીઓને એમની આગવી મર્યાદાઓ હોય છે. એથી કયારેક શારદા ચીટ ફંડ જેવા કૂંડાળામાં પગ પડી જાય તો પણ પાર્ટીના મુખ્ય સૂત્રધારની લોકનિષ્ઠા અને સાદગીપૂર્ણ જીવનશૈલીનો પ્રભાવ અકબંધ રહે છે. મમતા બેનરજી સર્વહારાનાં સમર્થક રહ્યાં છે. વિકાસનું મોદી-મોડલ એમને માન્ય નથી. એમણે કિસાનો અને મજદૂરોની લાગણી અને માગણી સ્વીકારી રતન ટાટા જેવી અબજોપતિને એમની 'નેનો' કાર સાથે તગેડી મૂક્યા હતા, તે કોઈ નાની-સૂની બાબત નહોતી. મમતા 'મા, માટી અને માનુષ' ના ત્રિસૂત્રી કાર્યક્રમ સાથે બંગાળના જનમાનસમાં અધિષ્ઠાત્રી બની રહ્યાં છે. તેઓ કયારેક કોંગ્રેસનાં જ કાર્યકર્તા હતા અને નરસિંહરાવ સરકારમાં તો કેન્દ્રીય મંત્રી પણ હતા, પરંતુ કોંગ્રેસમાં ચાલતી ચસમપોશી અને વંશવાદથી ત્રાસીને એમણે પોતાની 'પાયાની કોંગ્રેસ' - ગ્રાસરૂટ સ્તરની, 'તૃણમૂલ' કોંગ્રેસ ઊભી કરી, જેને પ્રબુદ્ધ બંગભાષીઓએ વધાવી લઈ પચ્ચીસ વર્ષના ડાબેરી શાસનના સબળ વિકલ્પ તરીકે સ્વીકારી લીધાં છે. ભારતની લોકશાહી માટે મમતા બેનરજી એક અભૂતપૂર્વ 'ઘટના' છે. વળી. આ એક્ઝિટ પોલમાં તમિલનાડુમાં ડીએમકે સત્તા હાંસલ કરશે એવું તારણ નીકળ્યું છે, છતાં મુખ્યમંત્રી તરીકે જયલલિતા લોકોની પહેલી પસંદગી રહ્યાં છે. એ જ રીતે આસામમાં કોંગ્રેસ નિશ્ચિતપણે સત્તાથી બહાર ફેંકાઈ જતી લાગે છે, પરંતુ ત્યાં પણ મુખ્યમંત્રી તરીકે લોકોની પસંદગી તરુણ ગોગોઈ પર જ ઉતારી છે. જનમાનસ અલગ અલગ મુદ્દે કેવું જુદું વિચારી શકે છે, તેનું આ ઝળહળતું ઉદાહરણ છે.

ઘણા દિવસ સુધી અસંમજસમાં ઝોલા ખાતાં છેવટે બધાં એ અમદાવાદ લગ્નમાં જવાનું નક્કી કર્યું

ઓટોરીક્ષા ઝડપથી ઘર તરફ ભાગી રહી હતી. મેં મારી બાજુમાં બેઠેલી દર્શનાની તરફ ખુબ ધ્યાનપૂર્વક જોયું. મને એમ લાગ્યું કે તે દુનિયાની સૌથી સારી પત્ની છે. જો કે મારી વાત તો એ સંપૂર્ણ અમલ કરશે એ વાતનો મને વિશ્વાસ નહોતો. મને દિલથી એમ થયું કે દર્શનાને હું તેની મનપસંદ સાડી કોઈને કોઈ રીતે લઈ આપીશ. આ વાતથી આભારવશ થઈ મારી વાત રાખી લેશે.

ડાબી તરફ બેઠેલી ટિન્કુને મેં ઓટોરીક્ષાથી બહાર હાથ ન રાખવાની શિખામણ આપી. સાથે જ તેને બાજુમાં બેઠેલા સનીને સરખી રીતે પકડી રાખવા કહ્યું. મારા સ્વરમાં આજે એક અનોખો આનંદ છલકતો હતો. મને મારી જિંદગી સુંદર લાગી રહી હતી.

એ વાતનો વિશ્વાસ મને ખુબ ઓછો હતો કે દર્શના મારી વાત માની લેશે અને કંગનની વાત કાઢશે નહીં. મને તો એમ લાગતું હતું કે અમદાવાદ જવા માટેના તેના ઉત્સાહનું એક માત્ર કાગળ એ હતું કે તેને કંગન મળવાનાં હતા.

અમદાવાદ અમે મારી નાની બહેન સંગીતાની દીકરી સ્નેહાના લગ્નમાં ગયા હતા. આમ તો ટીન્કુ અને શનીની સ્કૂલની પરિક્ષાઓ નજીક હોવાને કારણે હું એકલો જ લગ્નમાં જાઉં એમ નક્કી કરેલું. પરંતુ દર્શનાએ કહ્યું કે આપણે બધાં નહીં જઈએ તો સંગીતાને ખોટું લાગશે. આટલા નજીકના સંબંધોમાં લગ્નમાં આપણે જવું જ પડે. નહીંતર આપણાં છોકરાઓનાં લગ્નમાં કોણ આવશે. દર્શનાની આ વાત મને સાચી લાગી. દર્શના તો શું તેના પતિ દક્ષેશકુમારને પણ હું એકલો ગયો હોત તો ખોટું લાગી જાય. એવું મને લાગતું હતું.

હાં જો કે, લગ્નમાં દર્શના, ટીન્કુ અને શનિને સાથે લઉં એટલે તેમના કપડાં લતા, બસ ભાડું તેમજ પરચુરણ ઘણો ખર્ચ થાય એમ હતો. પરંતુ ઘણા દિવસ સુધી અસંમજસમાં ઝોલા ખાતાં છેવટે બધાં એ અમદાવાદ લગ્નમાં જવાનું નક્કી કર્યું.

જો કે આ નક્કી થયું તે દરમિયાન દર્શનાએ સૌ સાથે અમદાવાદ જવા માટે જે તર્ક રજ કરેલા તેની પાછળ મને તો દર્શનાની કંગન માટેની લાલચ દેખાયેલી. તેથી બધાં સાથે અમદાવાદ જવાનું નક્કી થતાં જ મૈં દર્શનાને ચેતવી દીધી હતી કે ત્યાં જઈને આપણે ગીજુ ઈલા પાસે એ કંગનની વાત નહીં કાઢીએ. જો કે કંગન તેની જાતે આપી દે તો અલગ વાત છે. જો કે ખરી વાત તો એ હતી કે મેં જાહેરમાં દર્શનાને એમ કહી દીધું પણ મનમાં ઊંડે ઊંડે એમ થતું હતું કે ખરેખર તો એ કંગન ઈલા પાસેથી લેવાં જ ન જોઈએ. મને એમ લાગતું હતું કે બા ના મૃત્યુ પછી અમારા બે ભાઈઓની વચ્ચે સંબંધનો સેતુ આ કંગન જ બની શકે તેમ છે. એ કંગન ગીજુ પાસેથી મારે ત્યાં આવી ગયાં તો અમારા સંબંધ જ ખતમ થઈ જશે. અને એમ લાગતું હતું કે કંગન ગીજુને ત્યાં રહેવાથી અમને તેની અને અમારી યાદ આવતી રહેશે. ભલે અમુક હદ સુધી પણ અમારા સંબંધો જળવાઈ રહેશે.

અમદાવાદ જતાં કંગનની વાત ન કાઢવા માટે મેં જતાં પહેલાં અને રસ્તામાં પણ અનેક વખત દર્શનાને સમજાવી હતી. મને વિશ્વાસ હતો કે તે મારી વાતનું માન રાખશે અને કંગનની લાલચ નહીં કરે.

નવાં કલેવર
નટવર હેડાઉ

અમદાવાદમાં બે-ત્રણ દિવસ તો મુસાફરી અને પછી સંગીતાને ઘેર જ નીકળી ગયા. સ્નેહાના લગ્નમાં.

ગીજુ અને ઈલાને ઘેર ગયાં ત્યારે મેં ખુબ સાવચેતીથી ધ્યાન રાખ્યું કે કંગનની વાત ભુલથી પણ નીકળે નહીં. મને એ વાતનો આનંદ હતો કે દર્શના એ પણ કંગનની વાત કાઢી નહોતી.

એવું નથી કે અમે એટલા બધાં પૈસાવાળા છીએ કે અમને કંગનની કંઈ પરવાહ ન હોય. એક સામાન્ય સરકારી કર્મચારીની જેમ જેટલો પગાર મને મળતો તેમાં ઘર ખર્ચ માંડ ચાલતો. તેમાં બીજા પણ ઘણા પ્રસંગો કાઢવા પડતા. બા ના બે કંગન મળવાથી અમને કોઈ મોટી રકમ મળી જવાની ન હતી. પણ લગભગ બે અઢી તોલા સોનું થોડા વરસ પછી ટીન્કુના લગ્ન વખતે કામ લાગે એમાં કોઈ શક નહોતો.

અમદાવાદની મુસાફરી દરમિયાન એ વાતનો ખટકો મને રહ્યા કર્યો કે દર્શના કયાંક ગીજુ-ઈલાની સામે કંગનની વાત કાઢે નહીં તો સારું, કયાંક માગી ન બેસે. પણ એવું કંઈ બન્યું નહીં. દર્શનાએ એવી કોઈ વાત ન કરી.

મને તો ભરોસો હતો કે ગીજુ-ઈલા પોતે જ એ કંગન અમને આપી દેશે. એવું બને તો મેં નક્કી કરી રાખેલું કે હું કોઈ પણ સંજોગોમાં એ કંગન નહીં લઉં, કે દર્શનાને પણ કંગન લેવા નહીં દઉં. મેં એમ પણ વિચારેલું કે હમણાં હું એવું બહાનું કાઢીશ કે અમે સ્નેહાના લગ્નમાં

અનુસંધાન પાના નં. ૭ પર

વિશ્વાસ, અપેક્ષા, સમર્પણ... કરવું શું?

ભગવાન મહાવીર સ્વામીએ આપણને દયા, પ્રેમ, કરુણાનો સંદેશ આપ્યો છે. તેઓએ કહ્યું છે કે ''અપેક્ષાયુક્ત નહીં, અપેક્ષામુક્ત જીવન જીવો. અન્યનું દુઃખ જોઈને તમારી ભીતર દયા, પ્રેમ, કરુણા પ્રગટે અને તમે યત્કિંચિત મદદ પણ કરો એ તમારું માનવ્ય અને કર્તવ્ય છે.''

ભગવાન મહાવીર સ્વામીનો સંદેશ તો આદર્શ છે. પ્રેમ, દયા અને કરુણા. પરંતુ આજનું જીવન માત્ર આદર્શો ઉપર નહીં, વાસ્તવિકતા ઉપર ચાલે છે. આપણે સૌ જાણીએ છીએ કે આદર્શ ગુણો એ માત્ર દેખાડો અને દંભ બનીને રહી ગયા છે. જે લોકો દાન કરશે તો પણ પોતાની વાહવાહી થાય એમ ઈચ્છે છે. સરેરાશ પ્રેમ ફરેબ બની ગયો છે. દયા અને કરુણા જેવા ગુણો પણ જવલ્લે જોવા મળતી જણસ બન્યાં છે.

પ્રેમમાં વિશ્વાસ, અપેક્ષા, સમર્પણ નામ માત્રનાં રહી ગયાં છે, એનું કરવું શું? તમે કોઈ સંબંધમાં સમર્પણ કરો એટલે જરુરી નથી કે સામી વ્યક્તિ પણ સમર્પિત જ હોય. તમે કોઈ ઉપર વિશ્વાસ મૂકો એટલે જરુરી નથી કે એ વ્યક્તિ પણ તમારી ઉપર વિશ્વાસ મૂકે. સંબંધમાં અપેક્ષા રાખવાથી જ દુઃખ પહોંચતું હોય છે. અપેક્ષા રાખનાર હંમેશા દુઃખી થાય છે. જો અપેક્ષા જ ના રાખો તો કોઈ સમસ્યા જ નથી.

પહેલા એમ કહેવાતું કે ''સ્ત્રીની ઉંમર અને પુરુષનો પગાર પુછવો જોઈએ નહીં.'' આજે હવે એમ કહેવામાં આવે છે કે ''પુરુષની સેલરી અને મોબાઈલની ગેલેરી કદીય જોવી નહીં.'' મોબાઈલ તો વળી સ્ત્રીનો અને પુરુષનો, એમ બેઉનો એકબીજાએ જોવો જોઈએ નહીં, એમ કહેવાયું છે.

સુખી લગ્નજીવનની અથવા સુખી પ્રણયસંબંધની આ માસ્ટર-કી છે કે પ્રેમી નર-માદા અથવા પતિ-પત્ની એકબીજાના સ્માર્ટ-ફોન ચેક ના કરે. ચેક કરો તો મોટા ભાગના કિસ્સામાં ફોન ચેક કરનાર એટલે કે જોનારને દુઃખી થયા સિવાય કશું જ હાથ લાગવાનું નથી. મોબાઈલની ગેલેરી એટલે એમાં બધું જ આવી ગયું. એફ.બી.-મેસેન્જર, વોટ્સ-એપ મેસેજીસ, હાઈક યા અન્ય મેસેજીસ, કોલ-ડિટેઈલ્સ, ગેલેરીમાં ફોટોગ્રાફ્સ, વીડિયોઝ એન્ડ ઓફ કોર્સ્ કોલ રેકોર્ડિંગ તો ખરું જ.

કેટલાંક ડેડિકેટેડ કપલ્સનાં અપવાદ બાદ કરતાં આ બધું જોયા પછી (૧) પ્રેમ, (૨) વિશ્વાસ, (૩) સમર્પણ, (૪) વફાદારી વગેરે વગેરે બધાં તત્વો આગ બનીને વરાળ સ્વરુપે હવામાં ઊડી જતાં હોય છે. હિન્દી સિનેમાનું ગીત છે ને કે ''કસ્મે વાદે, પ્યાર, વફા, બાતેં હૈં, બાતોં કા ક્યા...? કોઈ કિસી કા નહીં હૈ, યારોં, વાદે હૈ, વાદોં કા ક્યા?''

મોનુ તેની સાથે જ જોબ કરતી સોનુ સાથે પ્રેમ સંબંધથી જોડાયો હતો. આમ તો બેઉ પરણેલાં હતાં. બેઉની પોતપોતાની જિંદગી હતી અને હેપ્પી મેરીડ લાઈફ હતી, એ વાત પણ બેઉ જાણતા હોવા છતા બેઉની આંખ મળી ગઈ હતી. જિંદગીભર ભલે અલગ રહેતા હોવા છતા સાથ નિભાવવાના કસ્મે-વાદેની આપ-લે પણ થઈ ચુકી હતી. કદાચ દરેક પ્રેમસંબંધમાં કોઈને કોઈ રીતે આકર્ષણનું તત્વ પણ હોઈ શકે.

બેઉ એકમેકને પ્રેમ અને આદર આપે. બેઉ એકમેકની પ્રાઈવસીને પણ રિસ્પેક્ટ આપે. થોડા સમયમાં મોનુની બીજી ઓફિસમાં ટ્રાન્સફર થઈ. પ્રેમમાં એટેન્શન અને એટ્રેક્શન, બેઉનું મહત્વ છે. ડુંગર દૂરથી રળિયામણાં. પાસે રહો ત્યારે પ્રેમના ઉભરા અને જેવા મળીને છુટા પડ્યા કે બેઉની પોતાની આગવી અને નિરાળી દુનિયા. ગુરુત્વાકર્ષણનો નિયમ અહીં પ્રેમમાં પણ લાગુ પડ્યો.

એક દિવસ પણ મળ્યા વિના ચાલતું નહોતું એવા મોનુ-સોનુને પર્સનલ લાઈફ અને પ્રોફેશનલ લાઈફનું બેલેન્સ કરવામાં ટાઈમ જ મળે નહીં. એથી અઠવાડિયે એક વાર જ મળવાનું થાય. હા, મોનુ અને સોનુ કોલ્સ, વોટ્સ-એપ અને સોશિયલ મીડિયાથી તો કનેક્ટેડ રહેતા. કહેવત છે ને કે નજરે જોયાનું ઝેર. કશું ના જુઓ ત્યાં સુધી કોઈ પ્રોબ્લેમ હોતા નથી. કશુંક જુઓ પછી જ પ્રોબ્લેમ સ્ટાર્ટ થાય.

મોનુ અને સોનુએ એક આખો દિવસ સવારથી સાંજ સુધીનો સમય સાથે ગાળવાનું નક્કી કર્યું અને ભેગા થયા.

મોનુએ અચાનક જ સોનુને કહ્યું કે ''લાવ, તારો મોબાઈલ આપ ને?''

સોનુએ તો સટ્ટાક દઈને કહી દીધું કે ''ના, હું મારો મોબાઈલ તને જોવા નહીં આપું. શું તને મારા ઉપર વિશ્વાસ નથી?''

મોનુ પોતાનો મોબાઈલ પણ સામે ધરતા બોલ્યો કે ''ઓહ, કમ ઓન... સોનુ. લે, આ મારો મોબાઈલ તને આપું છું. તું પણ જોઈ લે. હવે તો તારો મોબાઈલ મને આપ?''

આખરે મને કે કમને સોનુએ પોતાનો સ્માર્ટ ફોન મોનુને જોવા આપ્યો. મોબાઈલ ગેલેરીમાં મોનુએ જોયું કે તેની પ્રિયતમા સોનુના અન્ય ચાર અલગ અલગ યુવાન સાથે ફોટોગ્રાફ્સ હતા. એ તમામ સેલ્ફી-પિક્સ હતા. બિચારા મોનુને તો એ.સી. રેસ્ટોરન્ટમાં ચહેરા ઉપર પરસેવો વળવા માંડ્યો.

તેણે સોનુને પૂછ્યું કે ''સોનુ, આ શું છે, કોણ છે આ લોકો, તેની સાથે તેં હેપ્પી મૂડમાં સેલ્ફી ખેંચી છે?''

ગુલમોર
દિનેશ દેસાઈ

સોનુએ બિન્ધાસ્ત બનીને જવાબ આપ્યો કે ''ઓહ, કમ ઓન, મોનુ...જસ્ટ ચિલ્ડ યાર. આ તો મારા ધરમના ભાઈ છે, ડીયર...''

મોનુ ખિજાયોઃ ''અરે પણ ચાર અલગ અલગ ધરમના ભાઈ સાથે આમ તારે ચિપકીને સેલ્ફી લેવાની શું જરુર પડી ગઈ? અને આ ચારેય વિશે તો તેં મને આ પહેલા ક્યારેય કશું કહ્યું જ નથી.''

મોનુએ વોટ્સ-એપ મેનુ ઓપન કર્યું અને જોયું તો ડી.પી.માં અલગ અલગ ફેસના પાંચ-છ યુવાનો સાથે સોનુના ચેટ-મેસેજીસ હતા. જેમાં સેમી-એડલ્ટ, એડલ્ટ મેસેજ-ટોક હતી, એક્સ-રેટેડ જોક્સ પણ હતા, એડલ્ટ ફોટોગ્રાફ્સ અને બી.પી. વીડિયોની આપ-લે પણ જોવા મળતી હતી. પ્રેમની શેરો-શાયરીઓ અને પ્રેમભર્યા મેસેજીસ તો ખરા જ.

મોનુ હજુ કલ્પી શકતો નહોતો કે જે સોનુ પોતાને ''આઈ લવ યુ...'' કહે છે એ જ સ્ત્રી બીજા અન્ય પુરુષમિત્રો સાથે પણ આવી રીતનો વ્યવહાર કરી શકે? આ બધું મોનુની સમજ બહાર હતું.

મોનુએ સોનુને ફરી આ બધું બતાવીને પૂછ્યું કે ''સોનુ, ઈઝ ધીસ ફેર? તું મને પ્રેમ કરે છે અને આ રીતે તું અન્ય પાંચ પુરુષને પણ પ્રેમના અને સેક્સ ભરેલા મેસેજીસની આપ-લે કરે, એ યોગ્ય છે? શું આ તારી વફાદારી છે?''

સોનુએ ફરી એક વાર બિન્ધાસ્ત બનીને પોતે સાચી છે અને કશું જ ખોટું કર્યું નથી, એવા મિજાજ સાથે મોનુને જવાબ આપ્યો કે ''જસ્ટ રિલેક્સ, મોનુ. આમાંથી ચાર તો મારા સ્કૂલ-કોલેજના ફ્રેન્ડ છે, જેમની સાથે મારે વર્ષોથી સંબંધ છે. એમની સાથે હું આવા મેસેજીસ, ફોટા અને વીડીયો ક્લિપ અને એડલ્ટ જોક્સની આપ-લે કરું એમાં તને શું વાંધો છે? અને એક મારો ધરમનો માનેલો ભાઈ છે, જેની જોડે હું માત્ર શેરિંગ કરું છું. એને કંઈક શેર કરવા જેવું લાગે તો એ મને મોકલે અને મને કશુંક ગમે તો હું એને મોકલું. બીજો એક મેલ-પર્સન છે તે મારો તો ફ્રેન્ડ છે જ, પરંતુ ખરેખર તો મારા હસબન્ડનો ફ્રેન્ડ છે. એની સાથે હું આ બધું શેર કરું છું

અનુસંધાન પાના નં. ૭ પર

મારો વારો ક્યારે...?? રિપોર્ટની રામાયણમાં ઈન્તેહા હો ગઈ ઈંતેજાર કી...!!

'તમારો ઈસીજી બરાબર આવ્યો નથી, સિવિલમાં ૨૪ કલાક માટે ઓબ્ઝર્વેશનમાં રહેવું પડશે.' ડૉ. દિનેશે પતંગની લાંબી પૂંછડી જેવાં નીકળેલાં રિપોર્ટ પરથી ગૂંચવાયેલી રેખાઓ જોઈને એમનાં જાડાં ચશ્માની આરપાર તાકતા પેશન્ટ પ્રથમને એમનો નિર્ણય સંભળાવ્યો...

... પ્રથમને ડાયાબિટીસ હતો, પણ કાબુમાં, ખાવામાં અત્યંત મિલિટ્રી જેવી શિસ્તબદ્ધતા, સવાર સાંજ ચાલવામાં નિયમિતતા, તબીયતની કાળજી લેવામાં કોઈ નિષ્કાળજી નહીં અને છતાંય રાત્રે પ્રથમને બ્રિધીંગમાં તકલીફ જણાતાં ડૉકટરનું પગથિયું ચઢવું પડ્યું...

સરાકરી અધિકારી અને મજબૂત મિત્રો ધરાવતાં પ્રથમની ગાડી સિવિલના ઈમર્જન્સી વોર્ડના પગથિયે અટકી ત્યારે એમને રિસીવ કરવાં ડૉ. સ્ટિફન ખુદ હાજર હતા... ફટાફટ એમને આઈ.સી.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યાં, એમને

તાત્કાલિક બધી સારવાર મળી રહી હતી, પ્રથમના પત્ની, દીકરી, જમાઈ દરેકની આંખો પ્રશ્નાર્થ ચિહ્નથી ડૉ. સામે જોઈ રહી હતી... પ્રાથમિક તારણમાં કોઈ જ તકલીફ ન જણાતાં બધાંએ રાહતનો શ્વાસ લીધો, દવાખાનાના અવાજો કરતાં મશીનો પ્રથમને બીવડાવતાં હતાં તો હાજર થઈ ગયેલાં મિત્રો હિંમત વધારતા હતાં... શરીર, મન, દવા, રિપોર્ટ, પથારી બધું સેટલ થવા લાગ્યું હતું...

પ્રથમના મિત્ર ડૉ. જૈમિન એમની સેવામાં દોડી આવ્યાં હતા, બધું જ નોર્મલ હોવા છતાં, ઈસીજી રિપોર્ટ એમની ફેવરમાં નહોતો અને એ પઝલ ઉકેલવા ડૉ. સ્ટિફન, ડૉ. જૈમિન અને પ્રથમનો દીકરો કૌસ્તુભ ડૉકટર કેબીનમાં ચર્ચાએ લાગેલાં... રાત્રે બાર વાગ્યે કાર્ડિઓલોજીસ્ટ ડૉકટરોને વોટ્સએપથી રિપોર્ટ મોકલીને તાત્કાલિક એનું નિષ્કર્ષ કાઢવાં સૌ મથ્યાં હતાં...

'પ્રથમ ભાઈ, તમારા બધા રિપોર્ટ નોર્મલ છે, પણ છતાંય માારં સેટીસફેક્શન માટે આપણે નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટને એકવાર બતાવી દઈએ, અત્યારે શાંતિથી સૂઈ જાવ.' ડૉ. જૈમિને પ્રેમાળ હાથ પ્રથમનાં કપાળે ફેરવતાં સૂચના અને દિલાસો આપી રાત્રે દોઢ વાગે એમની ગાડી ઘર તરફ હંકારી મૂકી, સવારે ફટાફટ સિવિલથી શિફ્ટ કરવાનાં અને ચેકઅપના પ્લાન મનમાં ઘડતાં ઘડતાં તેઓ ઘરે પહોંચી ગયાં...

> આગળ કૂવો છે યાર ને પાછળ તો ખીણ છે,
> જીવન કળા છે એક ને લોકો પ્રવીણ છે.
> ચિંતા મને ન થાય, તો બીજું શું થાય બોલ?
> ચકમક સ્વભાવ તારો ને પોતે તું મીણ છે.
> - ડૉ. મનોજ એલ. જોષી 'મન'

ડૉ. નાઈક ઈસીજી રિપોર્ટની હૃદયરેખાઓ ઉકેલવામાં નિષ્ણાંત હતા. કોઈ સિદ્ધહસ્ત જયોતિષી જેમ હસ્તરેખાઓ જોઈને લાઈફ લાઈન કહે એમ આ રિપોર્ટથી ભેદ ઉકેલતાં હતા... સવારે અગિયારની એપોઈન્ટમેન્ટ... બે દિવસના ઉજાગરા બાદ પ્રથમને સરસ ઉંઘ આવી હતી, શ્વાસ પણ કાબુમાં હતો, રિપોર્ટમાં શું આવશે? એવી ચિંતા એમની સાથે એમની પત્ની, દીકરી, બહેન બધાં જ કરતાં હતા...

'ચાલો, પ્રથમભાઈ નીકળીશું?' ડૉ. જૈમિન એમની કાર લઈને હાજર હતા. પરિવારના સભ્યોને ચિંતા ન થાય માટે પ્રથમ સાથે માત્ર એમનો દીકરો કૌસ્તુભ અને એક મિત્ર સાથે રાખવાનો પ્લાન ડૉ. જૈમિનનો હતો... પણ લાગણી, ચિંતા, ઉત્સુકતા, મદદ, હાજરી, હૂંફ, સહવાસ, આશીર્વાદ આ બધાંનો સરવાળો એટલે પ્રથમનો પરિવાર, જાણે વિવિધ પ્રભુના દૂતો સાથે હોય એવાં પવિત્ર ભાવ સાથે પરિવાર સાથે પ્રથમ, અમદાવાદની પ્રસિદ્ધ હોસ્પિટલના નિષ્ણાંત ડૉકટરનો ઓપિનિયન લેવા એમની લકી સિસ્ટર સાથે મનમાં મહામૃત્યુંજય મંત્રના જાપ કરતાં સવાર થઈ ગયા...

એકાદી મલ્ટીનેશનલ કંપનીની કોર્પોરેટ ઑફિસને ટક્કર મારે એવી હોસ્પિટલ, જયાં સુધી ડૉકટર, નર્સ, વોર્ડબોય, સ્ટ્રેચર, વ્હિલચેર, ફાઈલ, દવાની વાસ નહોતી ત્યાં સુધી બધું સિલ્કી લાગ્યું, પછી પાછું પ્રથમને યાદ આવ્યું, 'અરે આપણે તો પેશન્ટ છીએ.' ડૉ. જૈમિને કેસ પેપર, પ્રાથમિક ચેકઅપ, એડવાન્સ જેવી પ્રારંભિક ઔપચારિકતા પુરી કરીને, એમના મિત્ર સાથે ડૉકટર આવે ત્યાં સુધી ચા નો ડોઝ મારતાં આવીને એવી ચર્ચા કરતા હતા, એટલામાં ટહેલ પડી કે ડૉકટર આવી રહ્યાં છે, અને એમને ચા મનની મનમાં જ પી નાંખી...

એ પછીની ઘટનાઓ ફટાફટ થવા લાગી, માથે ટોપી, લાંબો લીલો એપ્રોન ચઢાવેલા ડૉકટરે, કલાકથી મારો વારો ક્યારે? જેવો યક્ષપ્રશ્ન લઈ બેઠેલા પેશન્ટ પ્રથમને કેબીનમાં આવવાં સૂચના આપી. બોર્ડની એકઝામમાં